# નયારા એનર્જી દ્વારા આવતી કાલને હરિયાળી બનાવવા બીજ વાવણી સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

**વાડીનાર, તા. ૮ જૂન, ૨૦૨૦ :** પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રોમાં  ટકાઉ વિકાસ આયોજનો દ્વારા સર્વાંગી વિકાસને આગળ વધારવાની પ્રતિબધ્ધતાને મજબુત બનાવતા નયારા એનર્જી દ્વારા પર્યાવરણ સંરક્ષણ અર્થે એક સપ્તાહ સુધી સામાજિક જાગૃતિ અભિયાન અને બીજના બોલથી ટકાઉ વાવેતર કરવાની અનોખી પહેલ સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

નયારા એનર્જીના ગ્રામ સમૃધ્ધિ કાર્યક્રમના ભાગરૂપે નયારા એનર્જીની વાડીનાર રિફાઈનરીની આજુબાજુના પાંચ ગામોમાં સ્વ–સહાય જૂથોની ૧૫૦થી વધુ મહિલાઓ ૪૫૦૦ બીજ બોલ્સ બનાવી રહી છે. આ કાર્યમાં સરકાર દ્વારા નકકી કરાયેલા સામાજિક અંતર અને સ્વચ્છતા સહિતના નિયમોનું સખતપણે પાલન કરવામાં આવી રહયું છે.

નયારા એનર્જી, સ્વ–સહાય જૂથોના સ્વયંસેવકો સાથે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પાંચ ગામોમાં બીજ બોલનું નિદર્શન યોજવામાં આવી રહયું છે. લીમડો, બાવળ, કરંજ, ગુલમહોર, કછનાર અને પસંદ કરાયેલી શાકભાજી જેવી મૂળ વનીકરણની જાતોના બીજ બોલ બનાવી ચોમાસા દરમિયાન ગામોના સામાન્ય ઘાસચારા, નદીના પટ્ટ તથા વન્ય વિસ્તારમાં રોપવામાં આવશે. આ પહેલ સહભાગી ગ્રામજનોને વિવિધ બિયારણ, દેશી અને વિદેશી પ્રજાતિઓ વચ્ચેના તફાવત અને આક્રમક જાતિના ગેરફાયદા તેમજ વાતાવરણમાં થતા પરિવર્તન અંગેના જ્ઞાનમાં વધારો કરશે.

આ પહેલ અંગે ટિપ્પણી કરતા **નયારા એનર્જીના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસરશ્રી અનુપ વિકલે** જણાવ્યું હતું કે "નયારા એનર્જી ૧૫ ગામોમાં કાયમી આજીવિકા મળી રહે એ માટે સમાજ સાથે નિરંતર કાર્ય કરી રહયું છે. અમારી આ પહેલ આપણા સમાજમાં પર્યાવરણ પ્રત્યે સભાનતા લાવશે અને આવતી કાલની હરિયાળી માટે યોગદાન આપશે."

**નયારા એનર્જી વિશે:**

નયારા એનર્જી એ આંતરરાષ્ટ્રીય સ્તરની નવા યુગની ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની છે અને સમગ્ર હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનમાં રિફાઈનીંગથી રિટેઈલ સુધીનાં ક્ષેત્રોમાં મજબૂત હાજરી ધરાવે છે. ઓગષ્ટ, ૨૦૧૭માં આ કંપની આંતરરાષ્ટ્રીય રોકાણકાર રોઝનેફ્ટ અને ગ્લોબલ કોમોડીટી ટ્રેડીંગ ફર્મ ટ્રાફીગુરા તથા યુસીપી ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપના બનેલા કોન્સોર્ટિયમે હસ્તગત કરી હતી. કંપની હાલમાં ૨૦ મિલિયન મેટ્રીક ટન પર એનમની ક્ષમતા સાથે ગુજરાતના વાડીનારમાં ભારતની બીજી સૌથી મોટી સિંગલ સાઈટ રિફાઈનરીની માલિકી અને સંચાલન કરે છે. આ રિફાઈનરી એ વિશ્વની સૌથી આધુનિક અને જટિલ

રિફાઈનરીઓ પૈકીની એક છે, જેની જટિલતા ૧૧.૮ છે, જે વૈશ્વિક સ્તરે સૌથી વધુ છે. નયારા એનર્જી વિશે વધુ માહિતી www.nayaraenergy.com પર ઉપલબ્ધ છે.

| **મીડિયા સમ્પર્ક :** |
|---|
| પ્રફુલ્લ ટંકારિયા<br>7574817106 ઇ–મેઈલ:prafull.tankaria@nayaraenergy.com |